૯

**મેડીકલ એંજીનેરીંગ અને ડીપ્લોમાં અભ્યાસ કરતા કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આપવા આવતી કુડબીલ સહાયમાં વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસકછ/૧૦૧૫/૮૫૨૧૨૨૨/ ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૧/૪/૨૦૧૬.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણના તા.૪-૧૨-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ અજાક-ગ.૧-૧-૨૦૧૫-૧૬- ૮૫૩૧-૩૨.

(૨) શિક્ષણ વિભાગના તા.૭/૧૦/૨૦૧૫ના ઠરાવક્રમાંક- પરચ-૧૦૨૦૧૪-યુઓઆર-૬-સ

<u>ઠ રા વ</u>

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ-૨ પરના ઠરાવ દ્વારા મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં પાત્રતા ધરાવતા સ્નાતક અથવા ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી પ્રવર્તમાન રહેઠાણની તાલુકાની બહાર અભ્યાસ કરતાં અને સરકારી અને આનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહીં મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને દર મહિને રહેવા-જમવાની સહાય પેટે રૂા.૧૨૦૦/- સહાય ચૂકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જેથી એક સુત્રતા જળવાય તે હેતુથી હાલમાં આપવામાં આવતાં રૂા.૧૦૦૦/- ના કુડબીલ સહાયમાં રૂા.૨૦૦/- નો વધારો કરવા માટેની રૂા.૩૦.૦૦ લાખની નવી બાબત વર્ષ ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં આ નવી બાબતનો સમાવેશ કરવા નિયામકશ્રી (અ.જા.ક.) દ્વારા વંચાણે લીધા ક્રમ ૧ પરના તા. ૪-૧૨-૨૦૧૫ના પત્રથી કરેલ હતી જે દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે મેડીકલ એંજીનેરીંગ અને ડીપ્લોમાં અભ્યાસ કરતા કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આપવા આવતી કુડબીલ સહાય માસિક રૂ. ૧૦૦૦/- થી વધારીને માસિક રૂ. ૧૨૦૦/-કરવા માટે માં વધારો કરવા વર્ષ ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં રજુ થયેલ રૂ.૩૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ જો ભારત સરકાર તરફથી કોઇ ફાળાની રકમ મળવા પાત્ર થતી હોય તો તે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશએ અને તદનુસારની જોગવાઇ બજેટમાં કરવાની રહેશે.

(૯) આ યોજના માટે હાલની આવક મર્યાદા રૂ. ૨.૫૦ લાખયથાવત રાખવાનીરહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૫- (આયોજન ) અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર-૨૨૨૫- અનુ.જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૦૧ – અનુ.જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭- શિક્ષણ,. પેટા સદર- (૭) – બીસીકે-૧૦- અનુસૂચિત જાતિ પેટા યોજના કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહીને મેડીકલ, એંજીયરીંગ અને ડીપ્લોમાં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને ફૂડબીલમાં સહાય માંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૪-૪-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**( દિક્ષિત જોષી )**
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની ક્ચેરી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સે. અ.શ્રી (કોમ્પ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ., વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા વિનંતી સહ.
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, પસંદગી ફાઇલ.